

બોરસદ શહેરની વિવિધ સોસાયટીઓમાં ભરાયેલ વરસાદી પાણી નજરે પડે છે.

# લાયબ્રેરી મુદ્દે કુલપતિને રજૂઆત કરતાં વિદ્યાર્થીઓ



(પ્રતિનિધિ) આણંદ, તા. ૧૧

સરદાર પટેલ યુનિ.ના કુલપતિને લાયબ્રેરીના મુદ્દે આજે વિદ્યાર્થીઓએ રજૂઆત કરતાં તેઓએ વિદ્યાર્થી હિતમાં હકારાત્મક નિર્ણય લેવાની હૈયાધારણા આપી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર વિદ્યાર્થીઓએ કુલપતિશ્રી કુલકર્ણીને રજૂઆત કરતાં જણાવ્યું હતું કે તેઓ કોલેજની પરીક્ષાની તૈયારી માટે તથા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા લાયબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ કેટલાક સમય પહેલાં સત્તાધીશોએ રજાના દિવસોએ લાયબ્રેરી બંધ રાખવા તથા વાંચનનો સમય ઘટાડવા નિર્ણય લીધો છે તેનાથી વિદ્યાર્થીઓને હાલાકી પડી રહી છે.

કુલપતિશ્રી કુલકર્ણીએ તેઓની રજૂઆત સાંભળી આ મુદ્દે હકારાત્મક પ્રત્યુત્તર આપવાની વિદ્યાર્થીઓને હૈયાધારણા આપી હતી.

# બી.જે.વી.એમ. કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા વિશ્વ વસતી દિનની ઉજવણી કરાઇ



વિદ્યાનગર, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય એટલે કે બી.જે.વી.એમ. કોમર્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રિ. ડૉ. કેતકી શેઠના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસતી દિનની ઉજવણી કરાઇ.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઇ હતી. ત્યારબાદ પ્રિ. ડૉ. કેતકી શેઠ દ્વારા મહેમાનોને આવકારી તુલસીકુંડ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સરદાર પટેલ યુનિ.ના અર્થશાસ્ત્ર વિભાગના એસોસીએટ પ્રોફેસર ડૉ. કિંજલ આહિર ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. એન. એસ. પરમારે કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન એન.એસ.એસ.. પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી રૂપલ વોરા તથા વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પરેશ મોરધરા તથા શ્રી વૈભવ બરોડિયાએ કર્યું હતું.

## અલાના સ્કૂલ આણંદમાં કુરાનખાનીનું આયોજન

આણંદ, તા. ૧૧

મેમણ સમાજના અગ્રણી ફાતિમાબેન અલાનાનું તાજેતરમાં મુંબઇ ખાતે અવસાન થતા અલાના સ્કૂલ આણંદ ખાતે કુરાનખાનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આણંદ મેમણ સમાજ તેમજ અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## પેટલાદ ઉર્દુ કન્યાશાળામાં વાલી મીટીંગ તેમજ શૈક્ષણિક કીટ વિતરણ



પ્રાથમિક ઉર્દુ કન્યાશાળા પેટલાદમાં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્યા યાસ્મીનબાનુ સૈયદે શાળાના તમામ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ અને શૈક્ષીણક કીટનું વિતરણ કર્યુ હતું.

# ટી. વી. પટેલ હાયર સેકન્ડરીમાં વિશ્વ વસતી દિવસની ઉજવણી



વિદ્યાનગર, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહ, વલ્લભ વિદ્યાનગરમાં ૧૧મી જુલાઇ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે દિન વિશેષ ઉજવણી પ્રવૃત્તિના ઇન્ચાર્જ ડો. ખન્નાપ્રસાદ અમીન અને શ્રી પ્રકાશભાઇ સોલંકી દ્વારા સંસ્થાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ વસ્તી વધારો એક વૈશ્વિક સમસ્યા વિષય પર નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કર્યુ હતું.

જેમાં સંસ્થાના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો અને વસ્તી વધારાને અંકુશમાં લેવા સરકાર, સમાજ, ધાર્મિક તથા સામાજિક સંગઠનો દ્વારા આદરવામાં આવતા જાગુકતા કાર્યક્રમો, સેમિનાર, રેલી જેવા કાર્યક્રમો અને કુટુંબ નિયોજનના સાધનોનો ઉપયોગ થકી વસ્તી વધારો એક વૈશ્વિક સમસ્યાનો અંત લાવી શકાય તે અંગે વિસ્તૃત નિબંધ લેખન દ્વારા પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા આચાર્યશ્રી વિજયકુમાર સુથારે સૌને સ્પર્ધાનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.



ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ખડોલ-કસુંબાડમાં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિયમિતતા, અભ્યાસ અને પરિણામની વિગતે વાત શાળાના આચાર્ય દિનેશભાઇ એમ. ભોઇએ કરી હતી. શાળાના શિક્ષક જીતસિંહ એ. જાદવે તમામ વાલીઓને આવકારી મિટીંગને સફળ બનાવી હતી. સાથે સાથે ઓરી અને રૂબેલાની રસીકરણ અભિયાન વિશે આરોગ્ય કર્મચારી મેહુલભાઇ વરિયાએ વાલીઓને જાગૃત કર્યા હતા.

# પેટલાદમાંથી મર્ડરનો આરોપી ઝડપાયો



આણંદ, તા. ૧૧

પેટલાદના બોરડીકુવા વિસ્તારમાં જીન્સ પેન્ટ બાબતે પિતરાઇ ભાઇને મોતને ઘાટ ઉતારીને ફરાર થઇ ગયેલ આરોપી નીલુ તળપદાને પોલીસે ઝડપી પાડયો હતો.

પેટલાદમાં રાત્રીના સમયે પોતાના પિતરાઇ ભાઇ રમેશભાઇ તળપદાને જીન્સ પેન્ટ બાબતે ઉશ્કેરાઇને નીલુ તળપદાએ ધારીયાનો ઝટકો માર્યો હતો. જેમાં રમેશભાઇનું મોત થયું હતું. અને નીલુ તળપદા ફરાર થઇ ગયો હતો.

પોલીસે તેના પરિવારજનોની પૂછપરછ કરતાં નીલુ તળપદા શેખડી ગામમાં મજૂરી કામે જવાનો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે શેખડીમાંથી તેને ઝડપી લઇને પેટલાદ પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો.

## ખંભાતમાંથી આધેડ ગુમ થયા

આણંદ, તા. ૧૧

ખંભાત શહેરના મરીયમપુરામાં રહેતા ગણપતભાઇ લવજીભાઇ વેગડા ઉ.વ. ૫૯ ઘેરથી કોઇને પણ કહયા વગર ચાલી ગયા હતા. જે અંગે વિમળાબેને જાણવા જોગ નોંધાવી હતી.

# વિરોલમાંથી સોનુ, ૧ કિલો ચાંદી સહિત રૂા. ૧.૧૫ લાખની ચોરી





આણંદ, તા. ૧૧

પેટલાદ તાલુકાના વિરોલ (સી) ગામમાં રાત્રીના સમયે તસ્કર ટોળકી ત્રાટકી હતી. અને એક મકાનની બારી તોડીને સોનાના દાગીના, ચાંદી સહીત રૂા. ૧.૧૫ લાખની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.

બોરસદ તાલુકાના બોચાસણ ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને પેટલાદના વિરોલમાં વાડી વિસ્તારમાં રહેતા ભાવિનભાઇ જશભાઇ પટેલના ઘરમાં મધ્ય રાત્રિએ તસ્કરો ત્રાટકયા હતા. અને બારી તોડીને ઘરમાં પ્રવેશ્યા હતા. ઘરની અંદરની બે તિજોરીઓ તોડીને વેરવિખેર કરી નાંખી હતી. તથા તિજોરીમાંથી સોનું, ૧ કિલો ચાંદી, રોકડ રૂા. ૧૦ હજાર મળીને રૂા. ૧.૧૫ લાખની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેની પેટલાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.

# એન.વી.પાસમાં પ્લાસ્ટીક પ્રદૂષણ અંગે ફિલ્મ દર્શાવાઇ



વિદ્યાનગર, તા. ૧૧

એન. વી. પાસ ખાતે વી.એન.સી.ના સહયોગથી પ્લાસ્ટીક પ્રદુષણ પર આધારિત ફિલ્મ અલ્માસ્ટ્રોસ કોલેજના વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. જેથી કોલેજના વિદ્યાર્થીઓ પ્લાસ્ટીકના પ્રદુષણથી થતા ગેરલાભો બાબતે જાણકારી મેળવી પર્યાવરણ જાળવણી બાબતે જાગૃતતા કેળવે તે ઉદ્દેશ હતો.

આ પ્રસંગે વિદ્યાનગર નેચર કન્સર્વન્સીના ધવલભાઇ પટેલના સહયોગથી અલ્બાટ્રોસ ફિલ્મ વિદ્યાર્થીઓને દર્શાવવાનું આયોજન બાયોલોજિકલ એન્ડ એન્વાયરમેન્ટલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. રીટા કુમારે કર્યુ હતું. અલ્બાસ્ટ્રોસ એ એક પક્ષીનું નામ છે. અને આ પક્ષીઓ પેસિફીક મહાસાગરના મીડવે ટાપુ પર ખુબ મોટી સંખ્યામાં રહે છે. દરિયાઇ પ્રદુષણ અને પક્ષીઓના જીવ વિશેની આ ફિલ્મ પ્રથમવાર ભારતના વિદ્યાનગર ખાતે બતાવવામાં આવી હતી. માનવસર્જિત કચરો કેવી રીતે પક્ષીઓને મોતને ઘાટ ઉતારી દે છે તે આ ફિલ્મ જોતા જ સમજી શકાય છે.

કોલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષીએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ બોધપાઠ સહિતની આ ફિલ્મ માણી હતી.

# બાકરોલની અંબિકા સોસાયટીમાં ચડ્ડી-બનિયાન-ધારી ટોળકીએ પથ્થરમારો કર્યો

આણંદ, તા. ૧૧

બાકરોલ રોડ ઉપર આવેલ અંબિકા સોસાયટીમાં મોડી રાત્રે ત્રાટકેલી ચડ્ડી-બનિયાનધારી ટોળકીનો રહીશોએ સામનો કરતાં ટોળકીએ પથ્થરમારો કરીને ફરાર થઇ ગઇ હતી.

બાકરોલથી વડતાલ રોડ ઉપર આવેલ અંબિકા પાર્ક સોસાયટીમાં મોડી રાત્રીના સમયે ચડ્ડી-બનિયાનધારી ટોળકીની ગેંગ ત્રાટકી હતી. તે વખતે અવાજના કારણે રહીશો જાગી ગયા હતા. આખી સોસાયટીના રહીશો જાગી જતાં ટોળકી ફસાઇ ગઇ હતી. જેથી ભાગી છૂટવા માટે રહીશો ઉપર પથ્થર મારો કર્યો હતો. અને ફરાર થઇ ગઇ હતી. જે ઘટના અંગે વિદ્યાનગર પોલીસને જાણ કરાઇ હતી.

## મદ્રસા હાઇસ્કૂલમાં યોજાયેલ વર્ગ પ્રતિનિધિની ચૂંટણી

આણંદ, તા. ૧૧

મદ્રસા જામેઆ અરબિયા તાલીમુલ ઇસ્લામ સંચાલિત મદ્રસા હાઇસ્કૂલ આણંદ ખાતે ધોરણ ૧૨માં વર્ગ પ્રતિનિધિની ચૂંટણી યોજાઇ હતી.

જેમાં મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ધોરણ ૧૨ના શિક્ષક ઇશદિ સેવા આપી હતી. પોલીંગ ઓફિસર તરીકે મલેક હારૂનશીદ અને વ્હોરા મોહસીને સેવા આપી હતી.

આ યોજાયેલ વર્ગ પ્રતિનિધિની ચૂંટણીમાં છોકરીઓમાં એલ.આર. વ્હોરા અમરીન અને છોકરાઓમાં પઠાણ આમીર જંગી બહુમતીથી ચૂંટાઇને વિજેતા બન્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્હોરા ઇશદિ કર્યુ હતું.

## એન. એસ. પટેલ આર્ટસ કોલેજ (સ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ) આણંદનું ગૌરવ



આણંદ, તા. ૧૧

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટસ કોલેજ આણંદના સ્નાતક સમાજશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વિલાશ ગણપતભાઇ રાઠોડ કે જેઓએ સ્નાતક સમાજશાસ્ત્ર વિષયમાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૮૦.૭૦ ટકા મેળવીને સરદાર પટેલ યુનિવર્સિટીમાં સમગ્ર બી.એ.માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી, સ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ અને સમગ્ર કોલેજનું ગૌરવ વધાર્યુ છે.

આચાર્ય મોહન પટેલ, પ્રતિક્ષાબેન પટેલ તથા સમાજ વિભાગનાં વડા હિનાબેન ગજ્જરે અભિનંદન પાઠવ્યા હતા.